ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

Phone : 0278-2570111 WhatsApp : 8866570111 Email : krcscbvn@gmail.com Website : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી સહ.

Date: 13th June, 2022

પ્રતિ,
તંત્રી શ્રી,
.................................., ભાવનગર.

## વિશ્વ પર્યાવરણ દિવસ અંતર્ગત

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગર દ્વારા**

ભાવનગર જીલ્લા સ્કાઉટ-ગાઈડ સંઘના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ કુડા દરિયા કિનારાની સફાઈ કરી.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આપણા આસપાસના પર્યાવરણના સંરક્ષણ માટે જાગૃતિ લાવવા માટે વિશ્વ પર્યાવરણ દિવસની પ્રથમ ઉજવણી 5 જુન 1974 ના દિવસે કરવામાં આવી હતી. દર વર્ષે ચોક્કસ થીમ સાથે આ દિવસ મનાવવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૨ની ઉજવણી **'Only One Earth'** થીમ પર થઇ રહી છે.

જેના ભાગ રૂપે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગર સંયુક્ત ઉપક્રમે ૧૧ જૂન, ૨૦૨૨ શનિવારના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમ્યાન **'Only One Earth' વિષય**ને અનુલક્ષીને દરિયા કિનારાની સફાઈ થકી પૃથ્વી બચાવવા પ્રયાસ માટે લોક સંદેશ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

આ દરિયા કિનારાની સફાઈમાં ભાવનગર જીલ્લા સ્કાઉટ-ગાઈડ સંઘના વિદ્યાર્થીઓ, લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગરના સભ્યો તથા કુડા ગામના પર્યાવરણપ્રેમી લોકોએ પોતાની ફરજ સમજીને પૃથ્વીને ફરીથી ખીલવવા આ કાર્યને નિયમિત પોતાની ફરજના ભાગરૂપે આગળ વધારવા તત્પરતા દર્શાવી હતી. આ કાર્યક્રમમાં બધા મળીને અંદાજે ૧૩૨ જેટલા લોકોએ ભાગ લીધો હતો.

13/06/22
1:57 pm

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.



follow us on YouTube KRCSCBhavnagar

Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar